# નવો માળો

એક ગામમાં એક મોટું વડનું વૃક્ષ. જેના પર એક માળો જેમાં એક ચકલી ઘણાં વર્ષોથી રહે પણ તે કદી માળાની બહાર નીકળે નહીં. તેના ખાવાપીવાની બધી જ વ્યવસ્થા ચકો કરી દેતો એટલે ચકીને બહાર નીકળવાનું જ નહોતું. પણ ચકીને આ બહારની દુનિયાને પોતાની આંખે જોવાની ઘણી ઉત્સુકતા હતી. તે માળાની બહાર ડોકિયાં કાઢી પાંખો ફફડાવે પણ ઊડી શકતી નહોતી. ઘણા વર્ષોથી આમ માળામાં પુરાઈ રહેવાથી તે પોતે ઊડી શકે છે એ સત્ય જ તે ભૂલી ગઈ હતી કે પછી એનો એ વિશ્વાસ જ ખોવાઈ ગયો હતો.

આ બધું એજ ઝાડ પર બેસતો એક પોપટ કાયમ જોતો. તે સ્વાભાવે ઘણો પરોપકારી. તેને ચકીની પરિસ્થિતિ પર દુઃખ થતું. તે જાણતો હતો કે, ચકીની પાંખોમાં ઊડવાની તાકાત અને તાલાવેલી તો છે જ બસ, માત્ર તેને વિશ્વાસ અને માર્ગદર્શનની જરૂર છે. જો આટલું કરી શકાય તો ચકી મુક્ત ગગનમાં વિહરી શકે.



આવું વિચારી પોપટ ધીમે ધીમે ચકીબેન સાથે વાતો કરતો થયો, પોતાની વાતોથી ચકીના મનમાં વિશ્વાસ



ભરતો ગયો, ચકીને પોતાની જ પાંખો પ્રત્યે સજાગ કરવા લાગ્યો. બંને ગાઢ મિત્રો બની ગયા. પોપટના પ્રેમાળ શબ્દોએ એવો તો જાદુ કર્યો કે, ચકી એક દિવસ પાંખો ખોલી માળાની બહાર આવી થોડું થોડું ઊડી. તેને પોતાની આંખે આકાશ જોયાનો અદ્‌ભુત આનંદ થયો. તે બીજા કેટકેટલાય પક્ષીઓને મળી. અને ત્યાર પછી તો ચકીની ઉડાન દિવસે દિવસે આગળ વધતી ગઈ.

તે કાયમ પોપટનો આભાર માનતી કે, જો પોપટે એને વિશ્વાસ ન આપ્યો હોત તો તેનું જીવન એ માળામાં જ પૂરું થઈ જાત. જોકે પરોપકારી પોપટ પણ ચકી માટે એ બધું જ કરતો જે ચકીની ઉડાનને વધુ વિસ્તારી શકે એ ચકી જાણતી હતી. પણ થોડા સમય પછી પોપટમાં પરિવર્તન આવ્યું.



ચકી જ્યારે એની આસપાસ કે એના ચીંધેલા આકાશે વિહરે ત્યાં સુધી તો તેને ગમે પણ જો અન્ય કોઈ દિશાએ વિહારવા લાગે તો પોપટને વાંકું પડે. અન્ય પક્ષીને ચકી માન આપે ત્યારે પોપટ તે અન્ય પક્ષીઓની ચકી પાસે બુરાઈ કરે એ ચકીને સમજાતું નહીં. તે વારંવાર પોતે ચકીની કેટલી મદદ કરી તે સંભળાવે અને ચકીને અહેસાન ગણાવે.

ચકી માટે પોપટ તેનાં સુખ દુઃખનો સાચો સાથી, ભીડનો ભેરુ

ને સંકટની સાંકળ પણ તેમ છતાં ચકી પોપટની બધી જ વાતો કંઈ બેઠી ન માની લે. તેણે પોપટના મનને જાણવા ખૂબ મથામણ કરી ત્યારે ખબર પડી કે, પોપટને ચકીને એજ ભાષા બોલાવવી છે જે ભાષા એ બોલે છે અને ચકીનો પોતાનો અવાજ ભુલાવવો છે.

ત્યારે ચકીએ પોપટને પ્રેમથી કહ્યું, ‘પોપટભાઈ તમારો પરોપકાર હું ક્યારેય નહીં ભૂલું. સમય આવ્યે તમારા માટે મારાથી બનતું બધું જ કરીશ પણ તમારા પરોપકારનો બદલો હું મારું પોતાનું અસ્તિત્વ ભૂલીને નહીં આપી શકું. હું મારું ચીં..ચીં ભૂલી તમારું મીઠું મીઠું કેમ બોલું?’

જે માળામાંથી નીકળવા હું આટલાં વર્ષો મથી અને તમારી મદદથી નીકળીને મુક્ત વિહરતા શીખી છું ત્યાં તમે જ મારી આસપાસ એક નવો માળો રચવા માંગો છો? શા માટે?’



‘વળી મારું ચીં...ચીં ભૂલવાથી હું પોપટ તો નહીં જ બની શકું પણ ચકલી પણ નહીં રહી શકું.’

પોપટને પોતાની ભૂલ સમજાઈ તેણે ચકલીની માફી માંગી અને ફરી ક્યારેય ચકલીને પોતાની ઓળખથી અલગ કરવાનો પ્રયાસ નહીં કરે એવું વચન આપ્યું. બંનેની મિત્રતા દિવસે અને દિવસે વધુ ગાઢ બની. પોપટના મધુરા કલરવ અને ચકલીની ચીં ચીંથી ગામ ગૂંજી ઊઠ્યું.

# સંગ એવો રંગ

સોનુ અને મોનુ બંને ખૂબ સારા મિત્રો. એક જ શાળામાં ભણે અને એક જ સોસાયટીમાં રહે. એટલે આખો દિવસ સાથે રમે. સવારે શાળાએ જાય ત્યાંથી આવીને જમે. જાતે લેસન કરી લે. ફરી પાછાં રમે. મોનુની મમ્મી જુદી-જુદી રમતો રમાડે, સોનુની મા વાર્તાઓ સંભળાવે, અને સોનુના દાદા સાંજે બંનેને લઈને મંદિરે જાય. સારી સારી વાર્તા કહે, શ્લોક શીખવે. બંને મિત્રો ખૂબ હોશિયાર આખી શાળામાં એનાં વખાણ થાય. રોજ વડીલો અને ગુરુને પ્રણામ કરે શાળામાં પણ કદી કોઈ ફરિયાદ આવે નહીં.



અચાનક એક દિવસ શાળામાંથી મોનુના શિક્ષકનો ફોન આવ્યો. મોનુના માતા-પિતાને શાળાએ બોલાવ્યા અને શિક્ષકે ફરિયાદ કરી કે, ‘મોનુએ ગેરવર્તન કર્યું, ખરાબ શબ્દો બોલ્યો અને સાથે એમ પણ કહ્યું કે, તમે એના

પર ધ્યાન આપો એ આવું ક્યાંથી શીખ્યો? અમને પણ મોનુનું આ વર્તન સમજાતું નથી.'

મોનુની માને આઘાત લાગ્યો. તેને બધાં જ પાંસા તપાસી જોયાં. આખો દિવસ તો તે માત્ર સોનું સાથે રમે છે. પણ આ હમણાં એકાદ મહિનાથી તે એના વતનમાં ગયા છે તો મોનુ એકલો પડે છે. એટલે બીજાં બાળકો સાથે રમે પણ ત્યારે તો હું સામે જ રહું છું. તો પછી આ બધું શીખ્યો ક્યાંથી?

તેણે પ્રેમથી મોનુને પૂછ્યું, 'બેટા સ્કૂલમાં તારા મિત્ર કોણ છે?



મોનુ : 'સોનુ બીજું કોણ?'

મમ્મી : 'પણ હમણાં સોનુ નથી તો તું કોની સાથે રમે છે?'

મોનુ : 'ભોલા સાથે.'

મમ્મીને યાદ આવ્યું. આ તો એજ નામ હતું કે, જેના વિશે ઘણાંનાં માતાપિતા ફરિયાદ કરતા હતા. હવે સમજાયું આ 'સંગ એવો રંગ' આવે જ.

મોનુને તેની મમ્મીએ સમજાવ્યો કે, 'બેટા,

એકલું રહેવું સારું પણ કુસંગ ના કરાય.' પણ મોનુ કંઈ માનતો નહોતો. ધીમેધીમે તેની કુટેવો વધવા લાગી અને સારી આદતો ભુલાવા લાગી. ધીમેધીમે તે હાથ ઉપાડતો થયો, બીજાને હેરાન કરે, ખોટું બોલે અને આવું તો બીજું ઘણું ઘણું.



લગભગ એક મહિના પછી સોનુ આવી ગયો. પરંતુ સ્કૂલના બીજા મિત્રો અને વાલી પાસેથી મોનુ વિશેની બધી વાત જાણીને સોનુની માએ તેનું મોનુ સાથે બોલવાનું બંધ કરાવી દીધું. શાળામાં પણ એક ભોલા સિવાય કોઈ એને બોલાવે નહીં. અને ભોલો એને બધી જ ખોટી વસ્તુ શીખવાડે ને કરાવે. એક દિવસ તેણે શિક્ષકના પર્સમાંથી પૈસા ચોરી લીધા. શિક્ષકે તે જોયું ત્યારે તેને આકરી સજા કરી. સ્કૂલમાંથી કાઢી મૂકવાની ચેતવણી પણ આપી. તેના માતાપિતાને જાણ કરી. મોનુની મા ખૂબ સખત સ્વભાવની. તેને થયુ હવે તો મોનુને પાઠ ભણાવવો જ પડશે.



તેણે મોનુ સ્કૂલેથી ઘરે આવ્યો ત્યારે અત્યાર સુધી તેણે જીતેલા દરેક મેડલ બહાર કાઢ્યા. સોનુ સાથેના દરેક ફોટા બહાર કાઢ્યા. અને આ

બધું જોઈ મોનુ દરેક વિષયવસ્તુ વિશે યાદ કરવા લાગ્યો. અને માને પૂછવા લાગ્યો. અને તેની મા તેને દરેક મેડલ પાછળની મહેનત કહેતી ગઈ, દરેક સારા કામની સ્મૃતિ કરાવતી ગઈ, સોનુ અને તેની મિત્રતાની સરસ યાદગીરીને વાગોળતી ગઈ.

અને પછી તેણે પૂછ્યું, 'બેટા આ ભોલો તારો મિત્ર બન્યો પછી તે કયું સારું કામ કર્યું?'



મોનુ તો માથું પકડીને વિચારવા લાગ્યો. એને એકેય કામ એવું યાદ નહોતું આવતું.


'કેમ બેટા યાદ નથી આવતું? કંઈ નહીં ચલ તું તમારી બેની મિત્રતાની વાતો મને કર. હું તને કહીશ કેટલાં કામ સારાં થયાં.'

મોનુ : 'પણ મમ્મી, એ તો મને બધાને મારવાનું, ગંદુ બોલવાનું, ચોરી કરવાનું આવી બધી જ રમતો રમાડે છે. અને એ તો ખરાબ કહેવાય ને મમ્મી?'

'હા બેટા તને ખબર છે ને ખરાબ કહેવાય? તો કોઈ ખરાબ કરાવે કે શીખવાડે એની દોસ્તી

રખાય? આવો કુસંગ કરાય? જો તારા કુસંગને લીધે તે તારા સાચા મિત્ર સોનુને ગુમાવી દીધો ને?'

'હા મમ્મી મને સોનુ બહુ યાદ આવે છે. અને મને હવે સમજાઈ ગયું છે કે, કુસંગ ના કરાય. હું બધાંની માફી માંગી લઈશ. તો સોનુ મારી સાથે બોલશે મમ્મી?'



'હા બેટા, સાચા હૃદયથી માફી માંગજે. અને બીજી વખત આવો કુસંગ નહીં કરે એનું વચન આપજે. તો સોનુ તારી સાથે ચોક્કસ બોલશે.'

બીજે દિવસે મોનુએ બધાંની માફી માંગી. સોનુની પણ માફી માંગી. અને ફરીથી ક્યારેય એવા કુસંગમાં નહીં પડે એમ વચન આપ્યું. અને ફરીથી સોનુ ને મોનુ બંને સાચા મિત્રો બની ગયા.

# કાગડાની ચતુરાઈ

એક વખતની વાત છે એક શિયાળ દોડતું આવ્યું. અને જંગલમાં બીજા પોતાના સાથી શિયાળો ને કહેવા લાગ્યું, 'સાંભળો આપણા ફાયદાની એક વાત છે કહું?'

બધા તો કાન સરવા કરી ઊભાં રહી ગયા શિયાળની વાત સાંભળવા. તેણે વાત કહેવાનું શરૂ કર્યું, 'જો આજે હું એક ગામ તરફથી નીકળ્યો ત્યારે કેટલાય લોકો કાગડાને બોલાવીને દૂધમાં પલાળેલી મીઠી રોટલી આપતા હતા. અને બધા કાગડાઓ એને ચાંચમાં લઈને ઝાડવે ચડીને આરામથી ખાતા હતા.

મારા તો મોમાં પાણી આવી ગયું બોલો. તો ચાલો આપણે બધાએ પણ આવી રોટલી ખાવી છે?

'હા શિયાળભાઈ, પણ આપણને એ આપશે કોણ?'

'અરે..! કાગડા જ બીજું કોણ?'



‘કેવી રીતે?’ બધા શિયાળે પૂછ્યું.

‘અરે..! ભાઈઓ ભૂલી ગયા? આપણા વડવાઓ કહેતા હતા એ વાત યાદ નથી? આ કાગડાઓ તો મૂરખ હોય મૂરખ એને થોડાક વખાણ કરીને ફુલાવીશું એટલે કામ પત્યું.’

‘એમ?’

‘હા તમારે બસ, મારી ‘હા’ માં ‘હા’ કરવાની. સમજી ગયાં?’

‘ભલે ઉસ્તાદ.’

બધાં તો થયાં ચાલતાં ગામનાં રસ્તે પેલા ચતુર શિયાળની પાછળ પાછળ. શિયાળ તો મોમાંથી લાળ ટપકાવતો આગળ આગળ જાય અને પાછળ એની આખી ટોળકી. તે બધાંને સમજાવતો જાય કે શું કરવાનું છે? અને પછી તો આ મીઠી રોટલીની વાતો સાંભળી સૌની લાળ પડવા લાગી બરાબર ઝડપ પકડી અને પહોંચી ગયા જ્યાં કાગડાનું ટોળું પોતપોતાના ભાગની રોટલી ખાતું બેઠું હતું. એક મોટા કાગડાએ બીજા બધા કાગડાઓને કાંઈક ઈશારો કર્યો અને બધા જાણે સમજી ગયા હોય તેવો સંકેત આપ્યો.



શિયાળે તો ત્યાં પહોંચી ઉપર જોઈ કાગડાભાઈ સાથે વાતો

શરૂ કરી, 'અરે વાહ કાગડાભાઈ તમે અહીંયા આખા સમાજ સાથે? કેમ છો? મજામાં ને?'

બધા કાગડાઓએ જવાબમાં ડોકી ધુણાવી.

શિયાળ : 'તમે તો ખૂબ રૂડા દેખાઓ છો? બીજાં શિયાળોએ પણ હા જી હા કરી.'

બધા કાગડાઓએ ફરી ડોક હલાવી જવાબ આપ્યો.



મુખ્ય શિયાળ સાથે બોલ્યું, 'કાગડાભાઈ અમે તો તમને કેટલાય વખતથી જોયા નથી. આસપાસના ગામમાં તમારાં ખૂબ વખાણ સાંભળ્યાં છે. અને તમારી વાણી તો અમને ભુલાઈ જ ગઈ છે. ગામ લોકો તો કેટલા વખાણ કરે છે તમે તો ખૂબ મીઠા ટહુકા કરો છો મહેમાન આવી જાય એવા.'

કાગડાએ ફરી ડોક ધુણાવી જવાબ આપ્યો.

શિયાળવાં તો એક પછી એક પ્રયાસ કરતા રહ્યાં. પણ કાગડાઓ કઈ ટસના મસ ન થયા. શિયાળ કંટાળીને આગળ ચાલવા લાગ્યાં.



ત્યાં જ એક મોટો કાગડો પોતાની રોટલી પૂરી કરીને બોલ્યો, 'કેમ કેમ શિયાળભાઈ ચાલતા થયા? થાકી ગયા અમને છેતરવાના પ્રયાસ કરીને?'

શિયાળઃ 'એટલે?'

કાગડો : 'એટલે એમ કે તમને જેમ તમારા વડવાઓએ કાગડાને મૂર્ખ કેમ બનાવતા એની વાતો કરી છે એમ અમને પણ અમારા વડવાઓએ કેવી રીતે મૂર્ખ બન્યા તે વાતો ન કરી હોય?'

શિયાળ : 'એટલે?'

કાગડાઓઃ 'અમે અમારી ભૂલમાંથી શીખી ગયા અને તમારી વાતોમાં ભરમાયા નહીં. હવે અમે કાગડાઓ મૂર્ખ નથી. એટલે અમને ફુલણશી કાગડા ન સમજતા અમે ખોટાં વખાણ સાંભળીને ફૂલાઈ નહીં જઈએ હો.'



શિયાળ તો શરમાઈ ગયાં પોતાની યોજના પકડાઈ ગઈ એટલે તે ભોઠાં પડ્યાં. ચૂપચાપ નીચી નજર કરીને જતાં રહ્યાં. જંગલના બધા શિયાળ સાથે ચાલતાં થયાં.